

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તાલોભીઓને સોંપ્યા દેશ, એનો અફસોસ છે*
*વેંચાય જાતે ને વેંચે મૂલ્યો એનો અફસોસ છે*
*અફસોસ છે, પ્રજા સમજેના સત્યને સિદ્ધાંતો -*
*'આ'ના માટે દીધાં બલિદાન ! એનો અફસોસ છે.*
*(જન્મદિવસે બાપુનો અફસોસ)*

હાઈકુ

*બાપુને પણ*
*લે 'આંટી'માં દંભીઓ -*
*'ગાંધી જયંતિ'*

*સત્ય બૂરખે -*
*લપાયા છે લબાડ -*
*ડોકાય દંભ...*

*(બધા પક્ષો બાપુના નામે તરવાની વેતરણમાં)*

### ચિંતન

***મમાગ્ને વર્ચો વિહવેષ્વસ્તુ વયં ત્વેન્ધાનાસ્તન્વ પુષેમ્ ।***
***મહ્યં નમન્તાં પ્રદિશંચત સ્રસ્ત્વયાધ્યંક્ષેણ પૃતના જયેમ ॥***

**ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.**

**માનવોએ સંઘર્ષથી વિચલિત થવું જોઈએ નહીં. પરમાત્માની ઉપાસના કરતાં કરતાં પોતાના આત્મા અને શરીરને બળવાન અને શક્તિવાન બનાવો, જેથી સંસારમાં કોઈ તમને પદભ્રષ્ટ કરી શકે નહીં.**

**પરમપિતા પરમેશ્વરનો આવો આદેશ છે કે આપણે હંમેશા આપણા ધર્મ, કર્તવ્ય અને જવાબદારીને નિભાવીએ. સચ્ચાઈના માર્ગ પર ચાલતાં આવતી મુશ્કેલીઓ આવે તેનાથી વિચલિત થયા વગર પ્રસન્નતા પૂર્વક પોતાના કાર્યમાં મગ્ન રહેવું. સત્ય માર્ગમાં આવનારી મુશ્કેલીથી જે ગભરાતો નથી. તેમને દૂર કરવા પુરુષાર્ત કરે છે તે પરમાત્માની સાચી ઉપાસના કરે છે.**

**સંઘર્ષ જ જીવન છે. સંસારમાં ફેલાયેલી દુષ્પ્રવૃત્તિઓ સાથે સતત સંઘર્ષ કરતાં રહેવું એ જીવનની સાર્થકતા છે. સંઘર્ષથી માનવીની સાત્વિકતા અને સ્વાભિમાન જાગૃત થાય છે. આસ્થા અને શ્રદ્ધાની ભાવનાઓ બળવત્તર થાય છે. સંયમ દ્વારા આત્મા અને શરીરને શક્તિમાન બનાવી જીવનસંઘર્ષ કરી લેવાનો સંકલ્પ કરીએ.**

### સુવિચાર

- જીવનમાં સુખ અને લોહીના સગપણ કરતાં વેદનાનું સગપણ વધુ ટકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખ હો લેકિન શાંતિ ના હો તો સમજ લેના કી આપ
  સુવિધા કો ગલતી સે સુખ સમજ રહે હૌ - **પ્રસુન જોશી**
- સંસારની રચના જ એવી છે કે ક્રમે ક્રમે ઘણા ખરા સંબંધો ખરી પડે છે,
  કરમાઈ તો જાય જ છે - **બોધિવૃક્ષ**
- હું અંધકારને હાંકી કાઢી શકતો નથી, પરંતુ તેને પ્રકાશમય તો કરી જ શકું છે - **સંત ઓગસ્ટીન**
- જે કોઈ સત્કર્મ કર્યા કરે છે એને સાધનામાં બેસવાની જરૂર નથી - **એન્થની ડી મેલો**
- ગુલામે એક જ માલિકને સાચવવો પડે છે
  પણ લાલચું માણસો એ અગણિત માલિકોની જી હજુરી કરવી પડે છે - **આફ્રિકન કહેવત**
- આજનું ઔષધ : અર્જુન છાલને પાણીમાં ઉકાળી તે પાણી ઠંડુ પડે પછી ધીમે ધીમે પીવાથી મોંનાં ચાંદા મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જાજલિ ઋષિ એ જંગલમાં વૃક્ષની જેમ સ્થિર રહીને તપશ્ચર્યા કરી. એમની બાંધેલી જટામાં પક્ષીએ માળો બનાવ્યો. ઈંડા મૂક્યા. બચ્ચા મોટાં થઈ જાતે ઉડી ગયા ત્યાં સુધી જાજલિ ઋષિએ સ્થિર રહી પક્ષીના બચ્ચાઓને જટામાં સુખપૂર્વક વસવા દીધો. પક્ષીઓ ઊડી ને ચાલ્યા ગયા પછી જાજલિ ઋષિ એ તપ પૂરું કર્યું. એમના મનમાં તપશ્ચર્યાને લીધે ગર્વ ઉત્પન્ન થયો. પોતાના જેવો ધાર્મિક અને સહનશીલ બીજો કોઈ ન હોઈ શકે એમ માનવા લાગ્યા. એવામાં આકાશવાણી થઈ કે 'જાજલિ', તપનો ગર્વ કરવો નહીં કાશીમાં રહેતો તુલાધાર નામનો વાણીયો મહાન યોગી છે. તેની નિષ્ઠા આગળ તમારું તપ કોઈ વિસાતમાં નથી. આકાશવાણી સાંભળીને જાજલિ ઋષિ કાશી પહોંચ્યા. તેમણે તુલાધારને શોધ્યો. તુલાધારની કરિયાણાની દુકાન હતી. ત્યાં પહોંચ્યા. તુલાધાર તેના ધંધામાં વ્યાવહારિક કામો કરતો હતો. છતાં જાજલિએ ઋષિને જણાયું કે દૂધપાકમાં રહેલા તવેથાને જેમ દૂધપાકમાં આસક્તિ હોતી નથી, તેમ તુલાધાર વ્યવહારમાં કાર્ય કરે છે, પણ તેમાં તુલાધાર તે તદ્દન અનાસક્ત રહીને વર્તે છે. જાજલિને લાગ્યું કે, 'જગતની પ્રવૃત્તિમાં લાગ્યા રહીને પણ તેનાથી નિવૃત્ત રહેનારા હજારો કર્મયોગી મનુષ્યો મારાથી શ્રેષ્ઠ છે તો હું કોણ માત્ર ?' જેનું મન મોટા યોગી જેવું છે, તે સંસારમાં રહી પંચ વિષમ ભોગવતો હોય તો પણ તે મૂળથી જ નિવૃત્ત છે. તેને માયા બંધન કરી શકતી નથી.

# ગાંધી સાર્ધ શતાબ્દીના પૂર્ણાહૂતિ પ્રસંગે જરા જાતને ઢંઢોળીયે

**તંત્રીસ્થાનેથી...**

કબા ગાંધીના હુલામણા નામે ઓળકાતા રાજકોટના અને પોરબંદરના પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થ કરમચંદ ગાંધીને કે એમનાં ધર્મપત્ની પૂતળીબાઈને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે ઈશ્વરે એમના ખોળે રમતું મૂકેલું બાળ કાળક્રમે વીસમી સદીની વિભૂતિ તરીકે પૂજાશે અને દેશમાંથી બ્રિટીશ રાજને અહિંસક માર્ગે હટાવી 'રાષ્ટ્રપિતા'નું બિરુદ મેળવશે. અત્યંત સાધારણ કક્ષાના બાળક મોહનને તો અંધારાની પણ બીક લાગતી હતી. દાસી રંભાએ એને હૈયે રામનામનો દીવો પ્રગટાવ્યો જે એના છેલ્લા શ્વાસ પર્યંત બુઝાતો નહોતો. બાળવયે એને કિશોરાવસ્થામાં જ નહીં, અભ્યાસક્રમ અને વકીલાતના ધંધામાં પણ સંતોષકારક પ્રદર્શન નહીં કરી શકનાર એમ કે ગાંધીને દક્ષિણ આફ્રિકાનું સેન્ટ પીટર્સબર્ગ સ્ટેશન ફળ્યું. ગોરા ટ્રેન કંડકટરે એમની પાસે ફર્સ્ટ કલાસની ટિકીટ હોવા છતાં સીટ ખાલી કરાવવા આગ્રહ રાખ્યો કારણ કે એમની ચામડી ગોરી નહોતી. એમને સામાન્ય કોચની બહરા ફંગોળનાર ટ્રેન કંડકટરે એક અદના કાઠિયાવાડી વણિક વકીલના હૈયે જે ભારેલો અગ્નિ હતો એ પ્રજ્વલિત કર્યો અને 'ગાંધી'માંથી 'મહાત્મા' બનવાનો માર્ગ મોકળો કર્યો. વકીલાતનો ધંધો બાજુએ મૂકી ગાંધીજી હિંદીઓના પ્રશ્નો ઊકેલવાના સામાજિક કાર્યમાં લાગી ગયા. દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહના પડઘા આઝાધી માટે વલખતા હિંદુસ્તાનમાં પડ્યા. ગાંધીજીએ એમના રાજકીય ગુરુ ગોખલેની સલાહથી એક વર્ષ લગી આખા દેશનો પ્રવાસ કરી પ્રજાની સમસ્યાઓ સમજવાન તાલીમ લીધી. એ પછીનો ઈતિહાસ જાણીતો છે. દેશી પ્રજાના પ્રશ્નો પરત્વે બ્રિટીશ રાજનું ધ્યાન દોરવાના મૂળ ઉદ્દેશ સાથે રચાયેલી ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ આઝાદીની ચળવળનું માધ્યમ બની અને દુનિયામાં કયાંક ન થયો હોય એવો ચમત્કાર આ પોતડીભર રહેતા મૂઠી હાડકાંનાં માણસ સત્ય અને અહિંસાનાં અમોઘ શસ્ત્રો વડો શક્તિશાળી અને જુલ્મી અંગ્રેજી સત્તાને હરાવી દીધી.

ગાંધીજીને આઝાદી જરૂરી ખપતી હતી પરંતુ દેશના ભાગલા કે પ્રજાના ભાગલા હરગિજ મંજૂર નહોતા. જો કે એમાં એમનું અહિંસાનું શસ્ત્ર કારગત ન નીવડ્યું, હા, હિંદુ પ્રજામાં સવર્ણ અને દલિતના સંભવિત ભાગલા એ જરૂર અટકાવી શક્યા જેનું શ્રેય એમના કરતાં પણ વધુ તો આંબેડકરને ફાળે જાય છે. આઝાદીના દિવસે કે એ પછીનો જે થોડો સમય મળ્યો હતો એ દરમિયાન મહાત્માના હૈયે તો હોળી જ સળગતી રહી હતી. કોમી રમખાણો, કલ્પાનાતીત ખૂનરેજી અને અમાનુષી અત્યાચારોથી લથબથ આઝાદીની તો એમને સ્વપ્ને પણ કલ્પના નહોતી કરી. પરંતુ નિયતિ આગળ તો ઈશ્વરના પૂર્ણ અવતારો ગણાયેલા રામ અને કૃષ્ણનું પણ કયાં ચાલ્યું હતું ? ગાંધીજી એકસો વીસ વર્ષ જીવવા માટે કુદરતી ઉપચારો તરફ વળેલા. આઝાદી વેળાની દારુણ દુર્દશા જોઈ એમનો અંતરાત્મા કકળી ઊઠ્યો અને તેઓ ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા કે મને ઉપાડી લે. ઈશ્વરે જ કદાચ કાળના દૂત તરીકે ગોડસેને મોકલ્યો હશે. ગાંધીજીના માર્ગે ચાલવાની વાતો કરનારા નેતાઓની કથની અને કરનીમાં આસમાન જમીનનું અંતર રહ્યું છે. એ પરંપરા નહેરુથી મોદી સુધી વધતાઓછા અંશે અકબંધ જળવાઈ છે. ગાંધી તો રામરાજય અને ગ્રામસ્વરાજની હિમાયત કરતા હતા. એમને મન નશાબંધી અને અસ્પૃશ્યતા નિવારણ સ્વદેશી અને સ્વચ્છતા (સફાઈ)થી લઈ હિંદીનો પ્રચાર એ આઝાદીની ચળવળ જેટલા જ અગત્યના રાષ્ટ્રીય કાર્યક્રમો હતા. જાહેરજીવનમાં શુચિતા જાળવવાની એમની સલાહ આંગળીને વેઢે ગણાય એટલા નેતાઓએ પણ પાળી હોત તો ૧૫૦મા વર્ષે એમના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થઈ હોત. એમને સ્વપ્ને પણ કલ્પ્યું ન હોય એ હદે દેશનું રાજકારણ ગટરની ગંદકીમાં ફેરવાઈ ગયું છે. જ્ઞાતિ-સપ્રદાય અને ધર્મના નામે ભોળી પ્રજાને ઉલ્લુ બનાવી અસામાજિક તત્ત્વો સત્તાની સીડી સડસડાટ ચડી ચૂક્યા છે. ઊજવવા ખાતર તો આપણે દર વર્ષે બીજી ઑક્ટોબરે ઊજવતા રહ્યા છીએ, પરંતુ જરા છાતી પર હાથ દઈને પૂછીએ તો માંહ્યલો પોકારી ઊઠશે કે આપણે જે માણસને પણ ઉલ્લું જ બનાવતા રહ્યા છીએ. રઘુપતિ રાઘવ રાજા રામ ! જયશ્રી રામ ! મહાત્મા ગાંધી અમર રહો !

# ગાંધીજીના ગીતા પ્રવચનો



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) મહાત્મા ગાંધી ઈ. ૧૮૮૮માં ભગવદ્ગીતાના સંપર્કમાં આવ્યા. તેમની વય ૧૯ વર્ષની હતી. સર એડવીન આર્નોલ્ડએ ગીતાનો પદ્ય અનુવાદ કર્યો હતો. 'ધ સોંગ એ સિલેસ્ટીયલ.' દિવ્ય સંગીત.' ગાંધીજીએ અનુવાદ કર્યો.

(૨) ત્યાર પછી એમની ઉત્કંઠા વધી. એમણે ગીતાના ગુજરાતી અનુવાદો થયા હતા, એ વાંચ્યા, પરંતુ એનાથી એમને સંતોષ ન હતો. આ જોઈને, એકવાર સ્વામી આનંદે એમને આગ્રહ કર્યો - 'તમે તમારી રીતે ગીતાનો અનુવાદ અને એની સમજૂતી આપો. તમારું ગીતાદર્શન સામાન્ય લોકોને ઉપયોગી થશે.' ગાંધીજીએ આમાં સંમતિ આપી.

(૩) અસહકારનાં આંદોલન દરમિયાન ગાંધીજીને જેલવાસ થયો. ત્યારે લોકમાન્ય તિલકે એમને પોતાનો ગ્રંથ 'ગીતા રહસ્ય' આપ્યો. એનાથી ગાંધીજીને ગીતાના સઘન અભ્યાસની અનુકૂળતા થઈ ગઈ.

(૪) એમણે પોતાના રાજકીય જીવનમાંથી થોડો સમય નિવૃત્તિ લીધી. તેઓ અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં આવ્યા. ૧૯૨૬ની સાલ હતી. અહીં તેમણે ગીતા સત્ર કર્યું. સવારની પ્રાર્થના પછી ગીતાના શ્લોકનો અનુવાદ કર્યો. અને પોતાની રીતે આની સમજૂતી આપે. તદ્દન સામાન્ય લોકો સમજી શકે એ રીતે વાત કરે અને એમાં રોજબરોજના ઘરેલું ઉદાહરણો આપતા જાય. આ સત્ર ૨૪મી ફેબ્રુઆરી એ શરૂ થયું. અને ૨૭મી નવેમ્બર સુધી ચાલું રહ્યું પછી સમાપન થયું.

(૫) એ બોલતા હોય, ત્યારે મહાદેવભાઈ દેસાઈ એની નોંધ લેતા જાય. આશ્રમના બીજા એક સંતે વાસી પૂંજાભાઈ હતા. એ પણ નોંધ કરતા આ પ્રવચનોનું પુસ્તક ઈ. ૧૯૨૯માં પ્રકાશિત થયું.

(૬) આ પ્રવચનો ગુજરાતીમાં હતા. અમેરિકામાં બર્કલે ખાતે જોહન સ્ટ્રોમિયર હતા. તેમણે ચાર ગાંધી ગ્રંથોનું સંપાદન કર્યું છે. ગાંધીજીનાં આ ગુજરાતી પ્રવચનોને આધારે એમણે પુસ્તક તૈયાર કર્યું. વ્યાખ્યાનોને ગ્રંથનું સ્વરુપ આપવું હોય, તો જે ફેરફાર કરવા પડે, એ કર્યા પરંતુ ગાંધીજીના ગીતાદર્શનને સહેજ પણ આંચ ન આવે, એ રીતે કર્યો. મૃખપૃષ્ઠ ઉપર ગાંધીજીનો ફોટો છે, તે વિઠ્ઠલભાઈ ઝવેરીએ પાડેલો છે. પુસ્તકને શીર્ષક આપ્યું છે - 'ભગવદ્ ગીતા - એકોર્ડિંગ ટુ ગાંધી' - ગાંધીજીની દષ્ટિએ ભગવતગીતા કેલિફોર્નિયાની નોર્થ એટલાન્ટિક બુક દ્વારા આનું પ્રકાશન થયું. છે. ઈ.સ. ૨૦૦૦માં પ્રકાશન થયું. પરંતુ આની નકલો વેચાઈ ગઈ, એટલે ઈ.સ. ૨૦૦૯માં આની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે.

(૮) આ પુસ્તકની પ્રસ્તાવના ડૉ. મિશેલ એન નાગલેરે લખી છે. ડૉ. મિશેલ બર્કલે યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા. એમણે લખ્યું છે - 'આ પુસ્તકની પ્રસ્તાવના લખવી, એ જ મારું મોટું સદ્ભાગ્ય છે. વીસમી સદીના આ સર્વોત્તમ મહામાનવ પાસે અસાધારણ પ્રતિભા હતી. એમનું આ ગીતાદર્શન એવું જ અસાધારણ મૂલ્ય ધરાવે છે.'

(૯) અમેરિકાની આ પ્રકાશન સંસ્થાએ બીજું ગાંધીજીનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. 'ધ વે ટુ ગોર્ડ' આમાં ગાંધીજીનાં લખાણો સંગ્રહીત છે. આનું સંપાદન એમ એસ દેશપાંડેએ કર્યું છે. આની પ્રસ્તાવના પણ ડૉ. મિશેલે લખી છે.

# પ્રથમ ગોળમેજી પરિષદ કયારે ભરાઈ હતી ?



**ખજાનો**

અનિલ પટેલ

## સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ

૧ મંગળ પાંડેએ કયા અંગ્રેજ અધિકારીને ગોળી મારી હત્યા કરી હતી?
(અ) જનરલ હ્યુસ્ટન (બ) ઈર્વિંગ
(ક) લોર્ય મેયો (ડ) લોર્ડ કર્ઝન

૨ ભારતની પ્રથમ વસ્તી ગણતરી કયા વાઈસરોયના કાર્યકાળમા થઈ હતી?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) લોર્ડ મેયો
(ક) લોર્ડ કર્ઝન (ડ) વિલિયમ બેન્ટીક

૩ સ્વતંત્રતા આંદોલન દરમિયાન ગુજરાતમાં કોંગ્રેસનું અધિવેશન કેટલીવાર યોજાયું ?
(અ) ૩ (બ) ૪
(ક) ૫ (ડ) ૬

૪ જલિયાવાળા બાગના હત્યારા જનરલ ડાયરની હત્યા કોણે કરી હતી?
(અ) મંગલ પાંડે (બ) ભગતસિંહે
(ક) સુખદેવસિંહે (ડ) ઉધમસિંહે

૫ ગદર પાર્ટીના સંસ્થાપક નેતા કોણ હતા?
(અ) સરોજીની નાયડુ (બ) લાલા લજપતરાય
(ક) લાલા હરદયાલ (ડ) બાળ ગંગાધર તિલક

૬ ફોરવર્ડ બ્લોકની સ્થાપના કોણે કરી હતી?
(અ) સુભાષચંદ્ર બોઝે (બ) શ્યામજી કૃષ્ણવર્માએ
(ક) ચિતરંજન દાસે (ડ) અરવિંદ ઘોષ

૭ પેટ્રીયર નામનું સમાચારપત્ર મેડમ ભિખાઈજી કામા કયા શહેરમાંથી પ્રકાશિત કરતા હતા?
(અ) લંડન (બ) જીનિવા
(ક) પેરિસ (ડ) એડીનબર્ગ

૮ પ્રથમ ગોળમેજી પરિષદ કયારે ભરાઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૨૫ (બ) ઈ.સ. ૧૯૩૦
(ક) ઈ.સ. ૧૯૩૨ (ડ) ઈ.સ. ૧૯૩૫

૯ કયા સ્વતંત્ર્યવીર રાજર્ષિ તરીકે ઓળખાય છે?
(અ) અરવિંદ ઘોષ (બ) ચિત્તરંજનદાસ
(ક) બટુકેશ્વર દત્ત (ડ) પુરુષોત્તમ દાસ ટંડન

૧૦ ઉત્તર ભારતના હિંદુ લ્યુથર તરીકે કોણ જાણીતા છે?
(અ) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (બ) રાજારામ મોહનરાય
(ક) પંડિત મદનમોહન માલવિયા (ડ) દયાનંદ સરસ્વતી

૧૧ 'લખનૌ સમજૂતી' કયારે કરવામાં આવી?
(અ) ઈ.સ. ૧૯૧૪ (બ) ઈ.સ. ૧૯૧૬
(ક) ઈ.સ. ૧૯૨૦ (ડ) ઈ.સ. ૧૯૨૨

૧૨ ૧૭ ઓકટોબર ૧૯૪૦ના રોજ વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રારંભ કયાંથી થયો ?
(અ) ચંપારણ (બ) બારડોલી
(ક) પવનાર (ડ) દાંડી

૧૩ ઝંડા સત્યાગ્રહ દરમિયાન કયો નારો આપવામાં આવ્યો ?
(અ) 'નાગપુર ચલો' (બ) ચલો દિલ્હી
(ક) અંગ્રેજો ચલે જાઓ (ડ) પુના ચલો

૧૪ 'હિંદુ અને મુસલમાન ભારતની બે આંખો છે' આ કથન કોનું છે ?
(અ) અબ્દુલ ગફાર (બ) મૌલાના આઝાદ
(ક) સરસૈયદ અહમદખાં (ડ) ફકરુદ્દીન અલી અહમદ

૧૫ ઈ.સ. ૧૯૦૨માં અમદાવાદમાં યોજાયેલ રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ સ્થાને કોણ હતું ?
(અ) સુરેન્દ્રનાથ બેનરજી (બ) મહાત્મા ગાંધી
(ક) માલવીયજી (ડ) સરદાર પટેલ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨ ઓકટોબર : વિશ્વ અહિંસા દિવસ**
  - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જન્મદિવસ (૧૮૬૯)
  - ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ (૧૯૦૪)
  - મિસ યુનિવર્સ બનનાર પહેલી ભારતીય પર્સિસ ખંભાતાનો જન્મદિવસ (૧૯૪૮)
- **૩ ઓકટોબર : વિશ્વ બધીર દિન**
  - બ્રિટને પહેલો પરમાણું બોમ્બ વિસ્ફોટ કર્યો (૧૯૫૨)
  - કવિ, ચિત્રકાર, શિલ્પી, લેખક એવી બહુવિધ પ્રતિભા ધરાવતા વિલિયમ મોરીસની પુણ્યતિથિ (૧૮૮૬)
  - બાલ સાહિત્યકાર અમૃતલાલ વેગડની જન્મજયંતિ (૧૯૨૫)
- **૪ ઓકટોબર :**
  - ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માનો જન્મદિવસ (૧૮૫૭)
  - વાલજીભાઈ ગો. દેસાઈની જન્મજયંતિ
  - ભૂપત વડોદરિયાની પુણ્યતિથિ (૨૦૧૧)
- **૫ ઓકટોબર :**
  - મહાત્મા ગાંધીના અંતેવાસી લેખક, કેળવણીકાર કિશોરલાલ મશરુવાળાનો જન્મદિવસ (૧૮૯૦)
  - અંગ્રેજી ભાષાને અસ્મિતા આપનાર અંગ્રેજી સાહિત્યકાર જયોફ્ યોસરનું નિધન (૧૪૦૦)
  - કોલકાતા આવેલ ભીષણ તોફાનમાં હજારોનાં મોત થયાં અને શહેર બદબાદ થયું (૧૮૬૪)
  - ફ્રાન્સના ડેની દીકરી જન્મજયંતિ (૧૭૧૩)

**૬ ઓકટોબર :**

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ભારતીય વૈજ્ઞાનિક ડૉ. મેઘાનાદ સહાનો જન્મદિવસ (૧૮૯૩)
વિતેલા જમાનાના હેન્ડસમ ચરિત્ર અભિનેતા વિનોદ ખન્નાનો જન્મદિવસ (૧૯૪૬)
ઈજીપ્તના રાષ્ટ્રપ્રમુખની હત્યા (૧૯૮૧)
ભૃગુરાય દુ. અંજારીયાની જન્મજયંતિ (૧૯૧૩)

**૭ ઓકટોબર**

શીખગુરુ હરગોવિંદસિંહનું નિધન (૧૭૦૮)
ગઝલ, દાદરા, અને ઠુમરીના મહારથી બેગમ અખ્તરનો જન્મદિવસ (૧૯૧૪)
- મધર ટેરેસાએ મિશનરીઝ ઓફ ચેરિટી સ્થાપી (૧૯૫૦)
- પ્રાગજી જ ડોસાની જન્મજયંતિ (૧૯૦૭)

- **૮ ઓકટોબર : વાયુ સેના દિવસ**
  - અલગ અંદાજ માટે જાણીતા અભિનેતા રાજકુમારનો જન્મદિવસ (૧૯૨૬)
  - કવિ મુનશી પ્રેમચંદજીની પુણ્યતિથિ (૧૯૩૬)
  - મિલ્ખાસિંહની જન્મજયંતિ (૧૯૩૫)
  - ઈન્ડિયન એરફોર્સની સ્થાપના (૧૯૩૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીનું કોરોનાના કારણે અવસાન થયું? જવાબ : સુરેશ અંગડી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : ઈન્ફો.જૂ.સા.કૉલેજ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) પંકજ આર પટેલ : કુડાસણ (૮) ઋચિત પટેલ : રાંદેસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કિસાનોના મુદ્દે કયા મહિલા નેતાએ મંત્રી સ્થાનેથી રાજીનામું આપ્યું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અમે 'ઉમળકા' ના નહીં 'ઉભરાં' ના માણસ!!



**હળવે હૈયે**

પ્રકાશ લાલા

દૂધને ગરમ કરીએ ત્યારે તેમાં ઊભરો આવતો હોય છે... વાસણ નીચેની ગરમી ઓછી કરતાં એ ઉતારો શમી જાય છે.... આપણે આ ઊભરો લાવેલું દૂધ પીતા હોવાથી આપણામાંય પ્રસંગે - તહેવારે 'ઊભરા' આવી જતા હોય છે. જેમ કે સ્વાતંત્ર્ય દિને ને પ્રજાસત્તાક દિને એકદમ દેશભક્તિનો જબરદસ્ત 'ઊભરો' અનુભવાય છે... ત્રિરંગો ખરીદીએ, ધ્વજવંદન કાર્યક્રમ એટેન્ડ કરીએ, દેશભક્તિના દીતો વગાડીએ - સાંભળીએ... શહીદોનાં જીવનચરિત્રોનું વાંચન કરીએ વગેરે... વગેરે... પણ આ દેશપ્રેમનો ઊભરો ઝાઝો ટકતો નથી. કેલેન્ડરમાં ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીનાં પાનાં ફર્યા નથી કે 'ઊભરો' બેસી જાય બીજા વર્ષે આ દિવસો આવે પાછો આવવા માટે !!

આજે બીજી ઓકટોબર છે... રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ... એટલે આજે પાછો પૂ... બાપુ પ્રત્યેના અહોભાવ - માન-સન્માનનો ઊભરો આવવાનો. ઠેરઠેર ગાંધીવંદના, ગાંધી પ્રતિમાને ફૂલહાર જેવા કાર્યક્રમોની હારમાળા સર્જાશે... આડે દાડે કયાંક નજરે ન પડતી સંસ્થા-મંડળો આજના શુભ દિનનો લાભ લઈ, બાપુને યાદ કરવા પ્રોગ્રામ ગોઠવશે... ગાંધીજીના નામે ચરી ખાવાનો - બાપુના બહાને પોતાની પબ્લિસિટીનો પ્રયાસ થશે.

પરંતુ ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવાની વાતો મીઠું... બાપુના માર્ગે એક ડગલું ય કોઈ ચાલતું નથી... બીજી ઓકટોબરે ગાંધીજીના અગિયાર વ્રતોને યાદ કરવાનો, ગાંધી વિચાર વિશે પ્રવચન ગોઠવાશે પણ કાર્યક્રમ પત્યો નથી કે 'જળકમળવત' આપણે બહું ત્યાં જ મૂકીએ નીકળી જઈએ છીએ... જીવનમાં અગિયારમાંથી બે-ચાર વ્રત અપનાવી - એના ચુસ્ત અમલની નિષ્ઠા શોધી જડે નહીં...

વળી, હવે તો આપણા આ 'ઊભરાઓ'ને અભિવ્યક્ત કરવા માટે હાથવગું - સરસ સાધન મળી ગયું છે... સોશિયલ મીડિયા... ગાંધીજીના સૂત્રો, એમના વિચારો, વોટ્સએપ , ટ્વિટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ ઉપર મૂકી ફરતાં ને ફોરવર્ડ કરતાં કરી દેવાનાં એટલે આપણો રાષ્ટ્રપિતા પ્રતિનો પ્રેમ પૂરો... એમ ન થાય કે એમાંથી થોડું અપનાવીએ તો પૂ. ગાંધી બાપુ રાજી રહેશે - એમનો બર્થ ડે ની સાચી ગિફ્ટ ગણાશે... આપણે તો ભાી વાતે શૂરા, ઉભરા પ્રેમી.... આપણને એટલું બધું ન ફાવે - ન પોષાય, ખરું ને ? તેથી જ બીજીની ત્રીજી ઓકટોબર થઈ નથી કે 'બાપુ' પાછા નવી સૂતરની આંટી સાથે ફોટા પ્રેમમાં ભીંતે ટિંગાઈ જવાના.... ગાંધી પ્રતિભા પર ચઢાવેલા તાજા હાર કરમાઈને બાપુની ડોકે લટકયા કરશે, એમની પ્રતિમાને ધૂળ-ગંદકી ચોંટશે એ સાફ કરવા નેક્સ્ટ બીજી ઓકટોબરે કોઈ આવશે...!!

આ 'ઊભરા' પ્રકૃતિના લીધે જ આપણને વર્ષ દરમિયાન સતત કશું કરતા રહેવાનું ફાવતું નથી હોય ? ટ્રાફિક નિયમન માટેના કડક કાયદા છે જતોય આપણને 'માર્ગ સલામતી સપ્તાહ' કે 'ટ્રાફિક વીક' ઉજવવાનો 'ઊભરો' આવે છે.. શું કામ ? જે છે તેનો કડક - ચુસ્ત - ભ્રષ્ટાચાર વિના અમલ થાય તો બીજા કશાની જરૂર ન પડે... ગુંડાગીરી નાથવાના કાયદા છે જ.... દુઃખ એ છે કે એના અમલમાં અકળ કારણોસર ઢીલાશ જોવા મળે છે... આ માટે નવો કાયદા બનાવ્યો... કાયદો બનાવવાથી ગુના અટકશે? કાયદામાં સખત સજાની જોગવાઈ છે જ પણ ગુનેગારને એ સજા કયારે થાય ? જયારે એ પકડાય, કાયદાની છટકબારીનો - પોલીસ કાર્યવાહીની નબળી કડીઓનો (ગેર) લાભ લઈને એ છટકી ન જાય અને ન્યાયની દેવડીએ એનો ગુનો સાબિત થાય ત્યારે... આ બધાની વચ્ચે જે 'જો' અને 'તો' આવે છે એ જ મીટાવી શકાય તો જ કાયદા ઘડાયાનો હેતુ સરે.... બાકી તો 'ગુનેગાર મોટો ચમરબંધી હશે તો પણ છોડીશું નહીં.' એવા સ્ટેટમેન્ટ્સના 'ઊભરા' આવ્યા કરવાથી શું વળે ?

'પરાઈ પીડના જાણનારા' સાચા વૈષ્ણવજન પૂ. ગાંધી બાપુની જન્મજયંતિ એ પ્રતિજ્ઞા કરીએ કે સુશાસન માટે શાસક સાથે અમે પ્રજા પણ 'ઊભરો' નહીં 'ઉમળકો' લાવીશું !!